॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિરણ પહેલું

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા : પુષ્પ : ૧૫ :

શ્રી અમર જૈન વાંચનમાળા

# વિશ્વ વિભૂતિઓ

卐

સુરતનિવાસી સ્વ૦
શા. અમરચંદ જેચંદ
દયાચંદ
સ્મારક ગ્રંથમાળા.

*

લેખક,
: શ્રી રાજહંસ :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથપ્રસાદ. પુનાતુ.

**શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા પુષ્પ : ૧૫ :**

અત્રાંતર ગુજરાતી શ્રેણી ચોથી

# શ્રી અમર જૈન વાંચનમાળા:—

કિરણ પહેલું : વિશ્વવિભૂતિઓ

કિરણ બીજું : પ્રશ્નોત્તર વાટિકા ( પ્રેસમાં )

વિ. સં. ૨૦૦૪ સર્વ હક્ક સ્વાધીન સને ૧૯૪૭

પ્રથમાવૃત્તિ ૧૦૦૦

કિંમત સાડા ત્રણ આના

---


બાળજીવન ગ્રંથાવળીની પ્રથમ શ્રેણીની ત્રીજી ને ચોથી પુસ્તિકા ભેગી હમણાં જ પ્રગટ થઈ છે.

## ટૂંકી ત્રણ વાર્તાઓ
અને
## કર્મનાં ફળ

બાળકો અને કન્યાઓને અપૂર્વ જ્ઞાનરસ આપવા સાથે સંસ્કાર પોષણ આપવામાં અપૂર્વ વાંચન. ૧૧ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. આજે જ મંગાવો. કિંમત પાંચ આના.

રાહ જુઓ : ( ૫ ) પુણ્યની પળ. ( ૬ ) સતિ નર્મદાસુંદરી.



Published by :—

Shah Umedchand Raichand,
Manager, S. L. J. Granthamala.
Near Jain Temple, Gariyadhar: *via* Damnagar-(*Kathiawar*)

PRINTED BY :—*Shah Gulabchand Lāllubhai, Shree Mahodaya Printing Press, Danapith-Bhavnagar.*


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથપ્રસાદઃ પુનાતુ.

# શ્રી અમર જૈન વાંચનમાળા

કિરણ પહેલુ

વિશ્વ વિભૂતિઓ

પાઠ ૧.

## દેવાધિદેવ વીતરાગ જિનેશ્વર.

પાર્શ્વ શંખેશ્વર નમી કરી, વંદી સૂરિવર પાય;
રચું ચોવીશ જિનતણી, સ્તુતિ જે સુખદાય. (૧)
ભવિ પૂજો અરિહંત તે, શાસન જસ હિતદાય;
ઉપકાર ધોધ વહાવતાં, તારે ત્રિભુવનરાય (૨)

દુનિયામાં ઉપકાર એ જુદી વસ્તુ છે. આ પૃથ્વી ઉપર જો કોઇ મોટામાં મોટા ઉપકારી હોય તો ભગવાન શ્રી તીર્થંકર દેવોજ હોય છે. તીર્થંકર પ્રભુને અરિહંત, પરમેશ્વર, વીતરાગ, કે દેવાધિદેવ પણ કહેવાય છે. એ ભગવાન ચતુર્વિધ સંઘ(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા)રૂપી શાસનની સ્થાપના કરે છે. એમના જેટલું પુણ્ય કોઇનું હોતું નથી. પોતે સ્થાપેલા સંઘના તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાનેતા કહેવાય છે. (૧) ગર્ભમાં આવતાં, (૨) જન્મતાં, (૩) દીક્ષા સમયે, (૪) કેવળજ્ઞાન અવસરે, અને (૫) છેવટે મોક્ષે જતાં દેવતાઓનાં સિંહાસનો ચલાયમાન થતાં ત્યાંથી દેવો મહોત્સવ ઉજવવા આવે છે. આ પાંચ અવસરો **કલ્યાણકના** નામથી ઓળખાય છે. આમ પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થાય કે તુરત જ દેવેંદ્રો આવી સમોસરણ રચે છે, તેમાં ભગવાન અપૂર્વ ધર્મદેશના આપે છે. આ પ્રમાણે તે પ્રભુજી ઘણાં જીવોને બુઝવે છે. આ ઉપકાર જેવો તેવો સામાન્ય નથી; કારણ કે જન્મમરણનાં દુ:ખોથી ભરેલી સંસારચક્કીમાં અનંતા આત્માઓ જે પીસાઇ કે ચગદાઇ રહ્યા છે, તે અગણિત ને અસહ્ય દુ:ખોમાંથી ઉગારીને તે ભગવાન મોક્ષના અનંતા સુખના સ્થાનમાં મોકલી આપે છે. દુ:ખી આત્માને સુખી બનાવે તેજ સાચા ઉપકારી કહેવાય.

વીશ કોડાકોડી સાગરોપમના બે ભાગ કરો, એકનું નામ ઉત્સર્પિણી અને બીજાનું નામ અવસર્પિણી. દરેકમાં આપણા ભરતક્ષેત્રમાં ચોવીશ ચોવીશ ભગવાન થાય છે. કેવળજ્ઞાન થાય પછી દેવેંદ્રો આવે, સમોસરણને રચે, તેમાં પ્રભુજી બિરાજે અને દેશના આપે. સમોસરણ ચોરસ પણ હોય, અથવા ગોળ પણ હોય. પ્રભુનાં વચનો પશુઓ વિગેરે પોતપોતાની ભાષામાં સમજે છે, તેવો અતિશય હોય છે. દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં પ્રભુજી જેવાંજ ત્રણ રૂપો દેવો બનાવે. પ્રભુ પોતે પૂર્વાભિમુખ દિશામાં બેસે. સમોસરણ ન રચાયું હોય, તો ભગવાન સિંહાસન પર બિરાજે, ને દેશના આપે. કમમાં કમ ક્રોડ દેવો પ્રભુની સેવામાં હાજર રહે છે. ભગવાન ચાલે ત્યારે પગ ભૂમિ પર મૂકે નહિં, પણ દેવોએ ગોઠવેલાં સુવર્ણ કમલ પર ચાલે છે. આકાશમાં છત્ર ચાલે છે. ચાલતાં ચાલતાં કાંટા ઊંધા થઈ જાય, પંખીઓ ત્રણ પ્રદક્ષિણા ફરે છે. પ્રભુજી જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય ત્યાં છ માસ સુધી રોગ થતા નથી. ભગવાનશ્રી **અજિતનાથ** પ્રભુના સમયમાં વધારેમાં વધારે **મહાવિદેહ**ક્ષેત્ર વિગેરેમાં ૧૭૦ તીર્થંકર ભગવાનો હતા. આજે **મહાવિદેહ** ક્ષેત્રમાં વીશ તીર્થંકર પ્રભુ વિચરે છે. **ભરત** ને **ઐરવત**ક્ષેત્રોમાં આજે વિહરમાન ભગવાનોનો વિરહ છે. મૂર્તિનોજ આધાર છે.

એ ભગવંતને કોઇની ઉપર પણ રાગ હોતો નથી, તેમ કોઇની ઉપર દ્વેષ કે વૈરભાવ હોતો નથી. એ ભગવાનનો અનંત ઉપકાર ભુલાય તેમ નથી. તે પ્રભુ બહુ પવિત્ર હોવાથી તેમનું નામસ્મરણ પણ મંત્રસ્વરૂપ બને છે. તેમ કરવાથી આપણાં ઘણાં પાપો ધોવાઇ જાય છે. આ વીતરાગ ભગવાન સૌનું કલ્યાણ કરો ! આ ચોવીશીમાં ચોવીશ ભગવાન થયા છે, તે આ પ્રમાણે છે.

---

પાઠ ૨

# ભગવાન શ્રી ઋષભદેવસ્વામી.

દુહો.

આદિનાથ પહેલા થયા, સમરો આતમકાજ;
યુગલા ધર્મ હરી થયા, શત્રુંજય શિરતાજ. (૩)

શ્રી **ઋષભદેવ**સ્વામી ભગવાન આ ચોવીશીના પ્રથમ તીર્થંકર થયા હતા. તેઓનો જન્મ **વિનીતા** (અયોધ્યા) નગરીમાં થયો હતો. **નાભિરાજા**ના એ પ્રભુ પુત્ર થતા હતા. એ પ્રભુજીના માતુશ્રીનું નામ **મરૂદેવા** હતું. એ પ્રભુના પુત્ર **ભરત** ચક્રીએ ચાર વેદની રચના કરી, ને ત્યારથી 'મા હન' કહેનારા બ્રાહ્મણ કહેવાયા.

ભગવાનનું શરીર સુવર્ણ જેવા વર્ણનું ને પાંચસો ધનુષ પ્રમાણ હતું. એ પ્રભુના સાથળમાં **વૃષભ**નો આકાર જન્મથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. તેને **લંછન** કહેવાય છે. અઢાર કોડાકોડી સાગરોપમ ( એટલે અસંખ્યાતા વર્ષો ) સુધી આ **ભારત** ભૂમિમાં ધર્મનું નામનિશાન ન હતું, તેવા સમયે આ પ્રભુજીએ દેવવિમાનમાંથી અવતરી ધર્મશાસનની પહેલીજ સ્થાપના કરી. ભગવંતે ત્યાશી લાખ પૂર્વનું આયુષ્ય ગૃહસ્થપણે વીતાવ્યું. પછી ૪૦૦૦ પુરૂષો સાથે દીક્ષા લઇને એક લાખ પૂર્વ સુધી ગામે ગામ વિહાર કરી, ચારિત્ર પાળ્યું. પ્રભુજીએ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી.

પ્રભુજીનો પરિવાર આ પ્રમાણે હતો. ૮૪૦૦૦ મુનિવરો અને ૩ લાખ સાધ્વીઓ હતા. **અષ્ટાપદ** તીર્થ ઉપર ભગવાન મોક્ષે ગયા છે. ભગવાન શ્રી **ઋષભદેવ**સ્વામીના શાસન રખેવાલ તરીકે **ગોમુખ** યક્ષ, અને **ચક્રેશ્વરી** દેવી થયા છે. **શ્રી શત્રુંજય, શ્રી આબુજી તથા શ્રી ઝગડીયાજી** વિગેરે તીર્થોમાં શ્રી **ઋષભદેવ**સ્વામીના મોટા જિનાલયો છે.

**શબ્દાર્થ.**

તીર્થંકર–કેવળજ્ઞાન થયા પછી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી તીર્થને સ્થાપે તેમને તીર્થંકર કહેવાય છે.

પૂર્વ–૮૪ લાખને ૮૪ લાખે ગુણવાથી આવેલી વર્ષની સંખ્યા.

મોક્ષે ગયા–સર્વથા જન્મ મરણનાં દુઃખથી મુક્ત થવું.

---

## પાઠ ૩.

# શ્રી અજિતનાથ ભગવાન.

દુહો.

**અજિતનાથ બીજા નમું, શાસન જસ જયકાર,**
**કેવળ આરીસે જુએ, વિશ્વભાવ સુખકાર. (૪)**

પ્રથમ તીર્થપતિના થયા પછી પચાસ લાખ ક્રોડ સાગરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫મ વીતી ગયા. ત્યારબાદ બીજા ભગવાન શ્રી **અજિતનાથ**સ્વામી થયા. **જિતશત્રુ** રાજા અને **વિજયા** રાણીના એ પુત્ર હતા. **અયોધ્યા** નગરીમાં અવતરેલા એ પ્રભુનું **ગજલંછન** હતું. સાડા ચારસો ધનુષ્ય જેવડું ઊંચું એ પ્રભુજીનું શરીરપ્રમાણ હતું. એક હજાર નરવીરો સાથે તે પ્રભુજીની દીક્ષા થઇ હતી. ૭૨ લાખ પૂર્વનું દીર્ઘ આયુષ્ય એ દેવાધિદેવનું હતું. મોક્ષે જતી વખતે એ પ્રભુનો વિશાળ પરિવાર એક લાખ મુનિવરોથી તથા ત્રણ લાખ અને ત્રીશ હજાર આર્યાઓથી શોભતો હતો, આ ભગવાન શ્રી **સમેતશિખર** મહાતીર્થ ઉપર મોક્ષે ગયા. **મહાયક્ષ** નામના દેવે એ પ્રભુના શાસનમાં ધર્મી આત્માઓને ઘણી સહાય કરી છે, તથા **અજિતબલા** નામની દેવીએ શાસન-સંરક્ષક તરીકે ઘણી સેવા બજાવી છે. એ શાસન જયવંતુ રહો! બારમી સદીમાં શ્રી **તારંગાજી તીર્થ**માં મહારાજા **કુમારપાળે** મોટું જિનમંદિર બંધાવી, આ ભગવાનનું મહાન અલૌકિક બિંબ પધરાવ્યું છે.

### શબ્દાર્થ.

દેવાધિદેવ=ક્રોડો દેવો એ નાથની સેવા કરતા હતા, એટલે એ પ્રભુ દેવોના પણ પૂજ્ય હતા. તેથી દેવાધિદેવ કહેવાય છે.

પરિવાર=એ ભગવાનની સેવા કરનારા મહાવ્રતધારી મુનિઓ.

આર્યાઓ=મહાવ્રતધારી સાધ્વીજી મહારાજો.

---

## પાઠ ૪.

# શ્રી સંભવનાથ ભગવાન.

**સંભવજિનને પામીને, થાય અનાથ સનાથ;**
**સુણી દેશના હિતકરી, કરે મુક્તિનો સાથ.** (૫)

વિશ્વોપકારી શ્રી **અજિતનાથ** ભગવાનની પછી ત્રીશ લાખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોડ સાગરોપમે ત્રીજા તીર્થંકર પ્રભુ શ્રી **સંભવનાથ** ભગવાન થયા. સાધર્મિક ભાઈઓનો ઉદ્ધાર કરવાની ઉચ્ચ ભાવનાથી જિન-નામકર્મ બાંધીને તેઓ આવ્યા હતા. તેમના પિતાજીનું નામ **જિતારી** રાજા હતું, ને **સેના** માતાની કુખે પ્રભુ અવતર્યા હતા. એ પ્રભુની સોવનવર્ણી કાયા હતી. પ્રભુજીને **ઘોડાનું** લંછન હતું. એ ભગવાનનો જન્મ **શ્રાવસ્તિ** નગરીમાં થયો હતો, તથા એમનું શરીરમાન ચારસો ધનુષ્યનું હતું. ભગવાને એક હજાર પુરૂષો સાથે દીક્ષા લીધી હતી. સાઠ લાખ પૂર્વનું એ ભગવંતનું આયુષ્ય હતું. તેમના શિષ્યનો પરિવાર બે લાખ સાધુઓનો તથા ત્રણ લાખ ને છત્રીશ હજાર સાધ્વીજીનો હતો. એ પ્રભુ મહાતીર્થ શ્રી **સમેતશિખર** ઉપર નિર્વાણ પામ્યા હતા. એ ભગવાનના શાસન સંરક્ષક દેવનું નામ **ત્રિમુખ** યક્ષ હતું, તથા દેવીનું નામ **દુરિતારી** હતું. એ દેવદેવીઓએ ઘણા સમકિતવંત ધર્મીઓનાં વિઘ્નોને દૂર કર્યાં

**શબ્દાર્થ.**

સાગરોપમ=અસંખ્યાતા વર્ષો.

સોવનવર્ણી=સોનાના રંગ જેવો વર્ણ.

સમકિતવંત=ભગવાનના ધર્મ ઉપર શ્રદ્ધા રાખનાર.

---

## પાઠ ૫.

# શ્રી અભિનંદનસ્વામી.

**અભિનંદન ચોથા પ્રભુ, સ્યાદ્વાદ રસ કંદ;**
**તસ ગુણને અવલંબતાં, લહું આનંદ અમંદ (૧)**

ત્રીજા ભગવાનની પછી દશલાખ કોડી સાગરોપમે ચોથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વવિભૂતિ **શ્રી અભિનંદન** સ્વામીજી થયા. તેમના માતા-પિતાનું નામ **સિદ્ધાર્થા** અને **સંવર** રાજા હતાં. પ્રભુનો જન્મ અયોધ્યામાં થયો હતો.

સાડી ત્રણસો ધનુષ જેવડું તે પ્રભુજીનું શરીર હતું. એક હજાર પુરુષો સાથે તે ભગવાનની દીક્ષા થઇ હતી. તે ભગવાનને **વાનરનું** લંછન હતું. પ્રભુજીએ પચાસ લાખ પૂર્વનું દીર્ઘાયુષ્ય ભોગવી શ્રી **સમેતશિખરજી** તીર્થ ઉપર મુક્તિ મેળવી. એ ભગવાનનો શિષ્ય સમુદાય, ત્રણ લાખ સાધુઓનો હતો, તથા સાધ્વીઓ છ લાખ ને છત્રીશ હતી. શાસનદેવ **ઇશ્વર** નામે હતા, ને **કાળી** નામની દેવી સંરક્ષક હતી.

### શબ્દાર્થ.

વિશ્વવિભૂતિ=મહાન તેજસ્વી પુરુષ.

દીર્ઘાયુષ્ય=લાંબું આયુષ્ય.

સમુદાય=પરિવાર, સમૂહ.

---

પાઠ ૬.

## શ્રી સુમતિનાથ ભગવાન.

**સુમતિનાથ સેવા કરો, પૂરે સઘળી આશ;**
**જ્ઞાન દીપકને આપતા, ટાળે ભવના પાશ.** (૭)

શ્રી **અભિનંદન** સ્વામી ભગવાન અને શ્રી **સુમતિનાથ** પ્રભુ એ બે તીર્થપતિઓની વચ્ચે નવ લાખ સાગરોપમનું અંતર પડયું. આ પ્રભુજીનો જન્મ **અયોધ્યા** નગરીમાં **સુમંગલા** માતાની કુક્ષીએ અને **મેઘરથ** રાજાના કુળમાં થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓશ્રીનું લંછન **ક્રૌંચનું** હતું. ને શરીર ત્રણુસો ધનુષ્ય પ્રમાણનું હતું. એ ભગવંતનું આયુષ્ય ચાલીસ લાખ પૂર્વનું હતું.

એક હજાર વીરનરો સાથે પ્રભુએ સંયમ અંગીકાર કર્યું. શ્રી **સમેતશિખર**નાપહાડ ઉપર એ અરિહંત ભગવાને શિવપદ લીધું. પ્રભુશ્રીનો શિષ્ય સંપ્રદાય ત્રણ લાખ ને વીશ હજાર મુનિવરો, અને પાંચ લાખ ને ત્રીશ હજાર સાધ્વીજીઓથી શોભતો હતો. પ્રભુના **તુંબરૂ** યક્ષ તથા **મહાકાલી** દેવી એ બે શાસન રક્ષક હતા. આ ભગવાનનો પ્રભાવ શ્રી **તલાજા** તીર્થમાં, તથા માતર ( નડીયાદ પાસે ) માં બહુ વિખ્યાત છે. એ તીર્થો જરૂર દર્શનીય છે.

**શબ્દાર્થ.**

પાશ=બંધનો.

વીરનરો=ઉત્તમ પુરુષો.

સંપ્રદાય=પરિવાર.

---

પાઠ ૭.

# શ્રી પદ્મપ્રભ સ્વામી.

<u>પદ્મપ્રભ</u> જિન હિતકરૂ, કાંતિ અતિશયવંત;
ભવ્ય હૃદય **પ્રવેશીને**, ટાળો અરિગણ સંત. (૮)

શ્રી **સુમતિનાથ** ભગવાનના નિર્વાણથી નેવું હજાર ક્રોડ સાગરોપમે શ્રી **પદ્મપ્રભ** જિનેશ્વર નિર્વાણ પામ્યા.

**કૌશાંબી** નગરીમાં **શ્રીધર** રાજા તથા **સુસીમા** રાણીના પુત્રપણે શ્રી **પદ્મપ્રભુજી**નો જન્મ થયો. પ્રભુને **કમળનું** લંછન હતું. ત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય હતું. અઢીસો ધનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહમાન હતું. રાતો વર્ણ પ્રભુના શરીરનો હતો. એક હજાર માનવીઓ સાથે પ્રભુશ્રીએ ચારિત્ર સ્વીકાર્યું. ત્રણ લાખ ત્રીશ હજાર મહાત્માઓ, અને ચાર લાખ વીશ હજાર સાધ્વીજીઓના વિશાળ પરિવારથી એ ભગવાન ઝળકતા હતા. પ્રભુજી **સમેતશિખર** તીર્થ ઉપર અનંત સુખવાળા મુક્તિપદને પામ્યા. **કુસુમ** યક્ષ તથા **શ્યામા** દેવી પ્રભુના શાસનની સેવામાં હાજર હતા, અને તે હંમેશ પ્રભુની ઘણી ઘણી ભક્તિ કરતા હતા.

**શબ્દાર્થ.**

અરિગણ=કર્મ રૂપી શત્રુનો સમૂહ.

દેહમાન=શરીરની ઉંચાઇ.

અનંત સુખવાળા=અપાર સુખ.

---

પાઠ ૮.

# શ્રી સુપાર્શ્વનાથજી.

દુહો.

**શ્રી સુપાર્શ્વ જિન શોભતા, સ્થાપી ચઉવિહ સંઘ;**
**આકાશે જેમ સૂર્ય તેજ, ટાળે તિમિર પ્રબંધ. ( ૯ )**

શ્રી **પદ્મપ્રભ**સ્વામીજી પછી નવ હજાર ક્રોડ સાગરોપમે શ્રી **સુપાર્શ્વ**નાથ ભગવાન થયા. **વાણારસી** ( બનારસ-કાશી ) નગરીમાં **સુપ્રતિષ્ઠ** પિતા તથા **પૃથિવી** માતાના શ્રી **સુપાર્શ્વનાથજી** પુત્ર હતા. **સ્વસ્તિક** લંછન પ્રભુજીનું હતું. દીક્ષા એક હજાર માનવીઓ સાથે થઇ. બસો ધનુષ્યનું એ પ્રભુનું શરીર હતું, ને વીશ લાખ પૂર્વ સુધી લાંબુ આયુષ્ય ભોગવ્યું. ભારતભૂમિના ખૂણેખૂણામાં ધર્મનો ડંકો વગાડયો ને ઘણાં જીવોને તાર્યા. શ્રી **સમેતશિખરજી**ના મહાન ગિરિરાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર એ પ્રભુ મોક્ષે ગયા. ત્રણ લાખ મુનિઓ તથા ચાર લાખ ત્રીશ હજાર સાધ્વીજીઓ પ્રભુજીના શાસનમાં થયા. **માતંગ** યક્ષ અને **શાંતાદેવી** પ્રભુના શાસનના રખેવાલ હતા.

**શબ્દાર્થ.**

ચઉવિહ સંઘ=ચાર પ્રકારનો સંઘ: સાધુ: સાધ્વી: શ્રાવક અને શ્રાવિકા.

તિમિર=અંધકાર.

રખેવાલ=રક્ષણ કરનાર.

---

## પાઠ ૯.

# શ્રી ચદ્રપ્રભસ્વામી.

દુહો.

**ચંદ્રપ્રભ જિન ચમકતા, તેજ ચંદ્ર સમ જાસ;**
**વિમળ આતમ છાંયથી, સંઘ સકળ સુખવાસ. ( ૧૦ )**

શ્રી **સુપાર્શ્વ**નાથ સ્વામીથી નવસો ક્રોડ સાગરોપમે શ્રી **ચંદ્રપ્રભ** ભગવાન થયા. **ચંદ્રપુરી** નગરીમાં પિતા **મહાસેન** તથા માતા **લક્ષ્મણા**ને ત્યાં **ચંદ્ર** લંછનથી શોભતા શ્રી **ચંદ્રપ્રભ** સ્વામીનો જન્મ થયો. તે પ્રભુજીનું શરીર દોઢસો ધનુષ્યનું હતું. આ પ્રભુનું શરીર ગૌર વર્ણવાળું હતું.

એક હજાર પુરુષો સાથે પ્રભુની દીક્ષા થઇ. દશ લાખ પૂર્વનું એ ભગવાને આયુષ્ય ભોગવ્યું, અને શ્રી **સમેતશિખર** ઉપર હંમેશ માટેના અખંડ નિવૃત્તિવાળા મોક્ષને મેળવ્યું. પ્રભુનો શિષ્ય સમુદાય અઢી લાખ મુનિ મહારાજેનો, ને ત્રણ લાખ એંસી હજાર સાધ્વીઓનો હતો. શાસન સંરક્ષક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય યક્ષ, અને ભૃકુટી દેવી હતા. શ્રી ચંદુર તીર્થમાં (શ્રી શંખેશ્વરજીની પાસે) આ પ્રભુજીનું મંદિર છે.

**શબ્દાર્થ.**

સુખવાસ=સુખવાળું સ્થાન.
ગૌરવર્ણ=શ્વેત અથવા ઉજળો વર્ણ.
અખંડ નિવૃત્તિ=સંપૂર્ણ શાંતિ.

---

પાઠ ૧૦.

# શ્રી સુવિધિનાથ સ્વામી

દુહો.

સુવિધિનાથ દેજો મને, સમકિત જે સુખકાર;
વિશ્વભાવ અવલોકી જે, દેશના દે હિતકાર. (૧૧)

ભગવાન શ્રી **ચંદ્રપ્રભ**સ્વામીજી પછી નેવું ક્રોડ સાગરોપમે શ્રી **સુવિધિ**નાથ પ્રભુ થયા. **સુગ્રીવ** રાજા અને **રામા** માતા એ પ્રભુજીના પિતા ને માતા થતા હતા. તેમનો જન્મ **કાકંદી** નગરીમાં થયો હતો, અને લંછન **મગરમચ્છ**નું હતું. એ પ્રભુ શ્રી **પુષ્પદંત** ભગવાનના નામથી પણ ઓળખાતા. પ્રભુજીનું આયુષ્ય બે લાખ પૂર્વનું હતું. તેમનું શરીર એકસો ધનુષ્ય ઉંચાઇનું હતું. જેમ ઇંદ્ર દેવોની સભા વચ્ચે શોભે તેમ પ્રભુશ્રી પોતાના બે લાખ મુનિઓ અને એક લાખ ને વીશ હજાર સાધ્વીઓથી શોભતા હતા. એ પ્રભુ શ્રી **સમેતશિખર** ઉપર નિર્વાણ પામ્યા. શાસનદેવ **અજીત** યક્ષ અને દેવી **સુતારા** શ્રી સંઘના સહાયક હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### શબ્દાર્થ.

વિશ્વભાવ અવલોકીને=દુનિઆને ઝીણી નજરે જોઇને
હિતકાર=કલ્યાણ કરનાર.
નિર્વાણ=મોક્ષ.

---

## પાઠ ૧૧.

# શ્રી શીતળનાથસ્વામી.

દુહો.

શીતળનાથ દશમા પ્રભુ, વચન જસ અણમોલ;
અનેકાંત મત સાંભળી, ભવિ થાય રંગરોળ. (૧૨)

દેવાધિદેવ શ્રી **સુવિધિ**નાથ પ્રભુની પછી નવ ક્રોડ સાગરોપમે શ્રી **શીતળનાથ** સ્વામી થયા.

**ભદ્દિલપુર** નામના નગરમાં **દૃઢરથ** રાજા અને **નંદા** રાણીના ઘરે એ પ્રભુ જન્મ્યા. નેવું ધનુષ્યની ઉંચાઈ હતી. **શ્રીવત્સનું** લંછન હતું. એક લાખ પૂર્વનું આયુષ્ય પાળ્યું. એક હજાર માનવો સાથે ભગવાનની દીક્ષા થઇ. શ્રી **સમેત-શિખર** ઉપર પ્રભુજી શિવપદને પામ્યા. તારાઓમાં જેમ ચંદ્રમા શોભે, તેમ આ ભગવાન એક લાખ સાધુઓ અને એક લાખ છ સાધ્વીજીઓ વચ્ચે શોભતા હતા. **બ્રહ્મ** યક્ષ અને **અશોકા** નામે દેવી પ્રભુના શાસનની રક્ષા કરતા હતા.

### શબ્દાર્થ.

અણમોલ=જેની કિંમત ન અંકાય એવા.

અનેકાંત મત=દરેક બાજુના વિચારવાળો મત.

ભવિ=ભાવિક પુરૂષો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૧૨.

# શ્રી શ્રેયાંસનાથ પ્રભુ.

દુહો.

શ્રેયાંસ જિનને સમરીયે, શિવસુખના દાતાર;
ભવના રોગ મટાડવા, ઉત્તમ વૈદ્ય પ્રકાર. (૧૩)

પ્રભુ શ્રી **શીતળનાથ** ભગવાન થયા પછી એક સો સાગરોપમ ને છાસઠ લાખ છવ્વીસ હજાર વર્ષ ઓછા એવા એક ક્રોડ સાગરોપમે શ્રી **શ્રેયાંસનાથ** જિનેશ્વર થયા. **સિંહપુર** નગરમાં **વિષ્ણુ** નામના રાજાને ત્યાં તેમનો જન્મ થયો હતો. માતાનું નામ પણ **વિષ્ણુ** હતું. પ્રભુનું લંછન **ગેંડાનું** હતું. ચોરાશી લાખ વર્ષ સુધી ભગવાન જીવ્યા. એક હજાર પુરૂષ-વૃંદ સાથે ભગવાનની દીક્ષા થઈ. પ્રભુશ્રી એંશી ધનુષ્યની ઉંચી કાયાથી શોભતા હતા. ઉત્તમ ધ્યાનમાં પ્રભુશ્રી **સમેતશિખર** તીર્થ ઉપર મહાસુખવાળા મોક્ષને પામ્યા. ચોરાશી હજાર મુનિઓની અને એક લાખ ત્રણ હજાર સાધ્વીજીઓની સંપદા હતી. **મનુજેશ્વર** નામે યક્ષ, ને **માનવી** દેવી શાસન સેવક હતા.

### શબ્દાર્થ.

ભવરોગ=જન્મ મરણનાં દુઃખો.

પુરુષ વૃંદ=મનુષ્યોનો સમુદાય.

સંપદા=પરિવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૧૨.

# શ્રી વાસુપૂજય ભગવાન.

### દુહો.

વાસુપૂજય જિન અવતર્યા, કરવા ભવિ કલ્યાણ;
સુર અસુર સેવા કરે, શિર ધરી જિનની આણ. (૧૪)

શ્રી **શ્રેયાંસનાથ** પ્રભુની પછી ચોપન સાગરોપમે પરમ ઉપકારી ભગવાન શ્રી **વાસુપૂજયસ્વામી** થયા. એ પ્રભુ **વસુપૂજય** રાજાના પુત્રપણે **ચંપાપુરી** નગરીમાં અવતર્યા. **જયા** નામે તેમની માતા હતા. ભગવાનને **મહીષ**નું લંછન હતું. પ્રભુજીના શરીરનો વર્ણ રાતો હતો. આયુષ્ય પ્રભુનું બોંતેર લાખ વર્ષનું હતું. શરીર પ્રમાણ સીત્તેર ધનુષ્યનું હતું. છસો પુરુષો સાથે ભગવંતે સંયમ લીધું. ભગવાનનું મોક્ષકલ્યાણક **ચંપાપુરી**માં જ થયું હતું. બોંતેર હજાર સાધુ મુનિરાજ અને એક લાખ સાધ્વીજીઓના પરિવારથી પ્રભુની શોભા ઘણી વધતી હતી. **કુમાર** યક્ષે અને **ચંડા** દેવીએ એ પ્રભુજીના શાસનની અપૂર્વ સેવા બજાવી હતી.

### શબ્દાર્થ.

સુર અસુર=દેવો રાક્ષસો વિગેરે.

જિન આણ=પ્રભુની આજ્ઞા.

મહીષ=પાડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૧૩.

# શ્રી વિમળનાથસ્વામી.

દુહો.

**વિમળનાથ** નિર્મળ કરે, ટાળે ઘોર મિથ્યાત;
ભવ દાવાનળ ઝાળમાં, શીતળ ધોધ વિખ્યાત. (૧૫)

ભગવાન શ્રી **વાસુપૂજ્યસ્વામી** પછી શ્રી **વિમળનાથ** પ્રભુ ત્રીશ સાગરોપમે થયા. **કંપીલ**પુર નામની નગરીમાં **કૃતવર્મ** નામે રાજા રાજ્ય કરતા હતા, તેમની રાણીનું નામ **શ્યામા** નામે હતું. **વરાહ** (ભુંડ) લંછનવાળા પ્રભુ શ્રી **વિમળ-નાથ** ભગવાને આ ઉત્તમ કુળમાં જન્મ લીધો. સાઠ (૬૦) ધનુષ્યનું શરીર પ્રમાણ હતું. સાઠ લાખ વર્ષનું આયુષ્ય આ પ્રભુજીનું હતું. એક હજાર માનવીઓ સાથે ભગવાનની દીક્ષા થઈ. **સમેતશિખરજી** ઉપર પ્રભુ મુક્તિ પામ્યા. અડસઠ હજાર મહા મુનિઓએ તથા એક લાખ ને આઠસો સાધ્વીઓએ એ પ્રભુજી પાસે દીક્ષા અંગીકાર કરી કલ્યાણ સાધ્યું. **ષણ્મુખ** યક્ષ અને **દિતા** દેવી એ પ્રભુ શાસનના રખેવાલ હતા.

### શબ્દાર્થ.

ઘોર મિથ્યાત=સાચો ધર્મ નહિં ગમવો તે.
ભવરૂપી દાવાનળ=જન્મ મરણનાં દુઃખરૂપી અગ્નિ.
ધોધ=ઉંચી જમીનથી પુષ્કળ પાણી પડે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૧૪.

# શ્રી અનંતનાથ પ્રભુ.

દુહો.

અનંતનાથ પ્રભુજી દીયે, અનંત સુખનું ધામ;
કરૂણારસ સ્પર્ધા કરે, સાયર સ્વયંભૂ નામ. (૧૬)

શ્રી **વિમળનાથ** પ્રભુ થયા ત્યારપછી, નવ સાગરોપમ પછી શ્રી **અનંતનાથ** ભગવાન થયા. **અયોધ્યા** નગરીમાં તે પ્રભુનો **સિંહસેન** રાજાને ત્યાં **સુયશા** માતાના પુત્ર તરીકે જન્મ થયો. એ પ્રભુનું લંછન **સિંચાણાનું** હતું. ભગવાનની ઉંચાઇ પચાસ ધનુષ્યની હતી, ને ત્રીશ લાખ વરસનું આઉખું હતું. તેમની એક હજાર મનુષ્યો સાથે દીક્ષા થઈ હતી. ત્યારબાદ ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પછી છેવટે શ્રી **સમેતશિખર** તીર્થ ઉપર મોક્ષપદને પામ્યા. ત્યારે એ ભગવંતના છાસઠ હજાર સાધુઓ હતા, ને બાસઠ હજાર સાધ્વીજી હતા. **પાતાલ** નામના દેવે, ને **અંકુશી** નામની દેવીએ **ચતુર્વિધ** સંઘને ધર્મકરણી કરવામાં સહાય કરી હતી અને સકલ સંઘના વિઘ્નો દૂર કર્યા હતા.

### શબ્દાર્થ.

**સ્પર્ધા**=હરીફાઇ.

**સ્વયંભૂ**=મહાન સમુદ્રનું નામ છે.

**સીંચાણો**=એક પક્ષીનું નામ, અથવા બાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૧૫.

# શ્રી ધર્મનાથસ્વામી.

દુહો.

ધર્મનાથ જિન પૂરજો, સકલ મનોરથ માળ;
કલ્પવૃક્ષ જેમ પૂરતા, જપતાં ધર્મ જપમાળ. (૧૫)

શ્રી અનંતનાથસ્વામીની પછી ચાર સાગરોપમે ભગવાન શ્રી ધર્મનાથ સ્વામીનું શાસન આવ્યું. રત્નપુરી નગરીમાં વજ્રલંછનવાળા પ્રભુ શ્રી ધર્મનાથસ્વામીનો જન્મ ભાનુ નૃપતિ અને સુવ્રતા રાણીને ત્યાં થયો. તેમનું પચાસ ધનુષ્યનું સુંદર શરીર હતું, અને જીવન દશ લાખ વર્ષ સુધીનું હતું. એક હજાર તરુણો સાથે પ્રભુજીએ સંયમ લીધું. શ્રી સમેતશિખર પર તે પ્રભુએ પોતાનો અંતિમ ભવ પૂર્ણ કરી શ્રી સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. એ પ્રભુએ ચોસઠ હજાર પુરુષોને, અને બાસઠ હજાર ને ચારસો સ્ત્રીઓને દીક્ષા આપી હતી. કિંનર યક્ષ અને કંદર્પા દેવી પ્રભુના શાસનને સાંનિધ્ય કરતા.

### શબ્દાર્થ.

મનોરથ=ઇચ્છાઓ.
અંતિમ ભવ=છેલ્લો જન્મ.
સાંનિધ્ય=સહાય, મદદ.

---

## પાઠ ૧૬.

# શ્રી શાંતિનાથ જિનેશ્વર.

દુહો.

શાંતિનાથ શાંતિ કરે, લંછન હરણ પિછાણુ;
સુધા સરખી વાણીથી, સાધે ભવિ કલ્યાણ. (૧૬)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ધર્મનાથ પ્રભુની પછી પોણો પલ્યોપમ ન્યૂન એવા ત્રણ સાગરોપમે શ્રી શાંતિનાથ ભગવાન થયા. અગાઉના વખતમાં ગજપુર નામના નગરમાં વિશ્વસેન રાજા રાજ્ય કરતા હતા. અચિરાજી નામે તેમની રાણી હતી. એ રાજાને ત્યાં ત્રણ જ્ઞાનવાળા પ્રભુ શ્રી શાંતિનાથ જીનેશ્વરનો જન્મ થયો. યૌવન વય થતાં એ ભગવાન ચક્રવર્તી થયા, એટલે આખા ભારત પર તેમનું સામ્રાજ્ય પથરાયું. તે પ્રભુનું દેહ ચાલીશ ધનુષ્યનું હતું. પ્રભુશ્રીએ દુનિયાને સાચો માર્ગ બતાવવા માટે એક હજાર સત્પુરુષો સાથે દીક્ષા લીધી. એક લાખ વર્ષનું આયુષ્ય પ્રભુજીએ પાળ્યું. તેઓશ્રીને શોભતું હરણનું લંછન હતું. ભગવાનને સમેતશિખરજી તીર્થ ઉપર શુભ ધ્યાન ધરતાં ધરતાં મોક્ષની પ્રાપ્તિ થઇ. શ્રી **વામજ તીર્થ**માં તથા શ્રી **ઇડર તીર્થ**માં આ પ્રભુજીના વિશાળ જિનાલયો છે. બાસઠ હજાર મહામુનિઓ, તથા એકસઠ હજાર ને છસો સાધ્વીજીઓના તે પ્રભુ નાયક હતા. ગરૂડ યક્ષ અને નિર્વાણી દેવી એ પ્રભુના શાસનના સહાયક હતા.

**શબ્દાર્થ.**

ત્રણ જ્ઞાન=મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન.
ચક્રવર્તિ=આખી દુનિયા ઉપર રાજ્ય કરનાર શહેનશાહ.
સામ્રાજ્ય=વિશાળ રાજ્ય.

---

## પાઠ ૧૭.

# શ્રી કુંથુનાથ ભગવાન.

દુહો.

**કુંથુનાથ જિનેશ્વરા, વાણી મેઘ વરસંત;**
**પ્રાતિહાર્ય અડ અતિશયો, ગુણ વિલાસ મહંત. (૧૭)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શાંતિનાથ પ્રભુના થયા પછી, અર્ધ પલ્યોપમે પ્રભુ શ્રી કુંથુનાથજી ભગવાનનું શાસન આવ્યું. ગજપુર નગરમાં એ પ્રભુજીનો જન્મ થયો હતો. શૂર રાજા અને શ્રીમતી રાણી એ પ્રભુજીના પિતા ને માતા હતા. છાગ લંછન ભગવંતનું હતું. પહેલા ભગવાનથી આપણે જોઇશું, તો જણાશે કે આ કાળ ઘટતો જતો હોવાથી ભગવાનોનાં શરીરો પણ એક એક કરતાં નાના નાના થતા જોઇ આવ્યા છીએ, તેમ આ પ્રભુજીનું શરીર પાંત્રીશ ધનુષ પ્રમાણ જ હતું. એક હજાર મનુષ્યો સાથે ભગવાનની દીક્ષા થઇ. પંચાણું હજાર વર્ષનું દીર્ઘ આયુષ્ય એ પ્રભુજીએ ભોગવ્યું. પ્રભુજી સમેતશિખરજી ઉપર મોક્ષે ગયા ત્યારે ભગવંતના સાઠ હજાર મુનિઓ, ને સાઠ હજારની ઉપર છસોની સંખ્યામાં સાધ્વીજીઓ હતા. ગંધર્વ યક્ષ અને બળા દેવી એ પ્રભુજીના શાસનના સેવક હતા. જે પ્રભુએ ચક્રવર્ત્તીની મહાન રિદ્ધિ ભોગવી, અને પછી જે તીર્થંકર તરીકેની પણ સકળ રિદ્ધિને ભોગવવા ભાગ્યશાળી થયા હતા, તે કુંથુનાથ પ્રભુ સઉનું કલ્યાણ કરો.

**શબ્દાર્થ.**

પ્રાતિહાર્ય અડ અતિશયો=પ્રભુજીના આઠ મહાન્ પ્રભાવક ચિહ્નો.
ગુણવિલાસ મહંત=ગુણોને ભોગવતાં મહાન થયા.
છાગ=બકરો.

---

## પાઠ ૧૮.

# શ્રી અરનાથ ભગવાન.

દુહો.

**શ્રી અરનાથ અઢારમા, ચક્રવર્તી ભગવંત;**
**રિદ્ધિ સિદ્ધિ લબ્ધિ ઘણી, પ્રણમો ગુણગણવંત. (૧૮)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીકુંથુનાથ પ્રભુ પછી એક ચતુર્થાંશ પલ્યોપમમાં હજાર ક્રોડ ઓછા વર્ષે પ્રભુશ્રી અરનાથસ્વામી ગજપુર નગરમાં સુદર્શન રાજાની મલ્હાર રાણીની કુખે જન્મ્યા. ત્રીશ ધનુષ્યના સુંદર શરીરથી પ્રભુની શોભા વધતી હતી. ચોરાશી હજાર વર્ષ સુધી ભગવાન જીવ્યા. નંદાવર્ત( સાથીઆ )નું ભગવાનના સાથળ પર સુશોભિત ને મંગળિક ચિહ્ન ( લંછન ) હતું. ચક્રવર્તી થયા પછી પ્રભુએ એક હજાર મહાપુરુષો સાથે જન્મ મરણનાં દુઃખો ટાળે એવું ચારિત્ર લીધું. શ્રી સમેતશિખર ગિરિરાજ પર પ્રભુ ચારિત્રના ફળરૂપ મોક્ષને પામ્યા. પચાશ હજાર સુસાધુઓ, અને સાઠ હજાર સુસાધ્વીજીઓનો પરિવાર પ્રભુશ્રીનો હતો. ઇંદ્ર યક્ષ ને ધારિણી દેવી પ્રભુશાસનના સેવક હતા.

### શબ્દાર્થ.

રિદ્ધિસિદ્ધિ=વૈભવ તથા સુખ સૌભાગ્ય.
ગુણગણવંત=ઘણા ગુણોવાળા.
ગિરિરાજ=પર્વતોમાં ઉત્તમ.

---

### પાઠ ૧૯.

# શ્રી મલ્લિનાથ પ્રભુ.

### દુહો.

મલ્લિનાથ પ્રભુ શોભતા, ભોયણી તીર્થ શણગાર;
મયૂર જેમ ઘન મેઘથી, દેખી ભવિ સુખકાર. ( ૧૯ )

શ્રી અરનાથ ભગવાનની પછી એક હજાર ક્રોડ વર્ષે શ્રી મલ્લિનાથ પ્રભુ થયા. મિથીલા નામની નગરીમાં આ પ્રભુજી સ્ત્રીપણે અવતર્યા. પ્રાયઃ કરીને જે આત્માઓ તીર્થંકર થાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુરુષપણે જ અવતરે છે. પણ આ એક મોટું આશ્ચર્ય બન્યું છે. એ ભગવાનનાં માતા પિતા અનુક્રમે પ્રભાવતી રાણી અને કુંભ રાજા હતા. યૌવન પામતાં એ પ્રભુના શરીરનું પ્રમાણ વધીને પચીશ ધનુષ્યનું થયું હતું. કુંભ કળશનું માંગળિક લંછન પ્રભુના સાથળે ઘણું જ શોભતું હતું. ભગવાનની કાંતિ નીલ વર્ણવાળી દેદીપ્યમાન હતી. ત્રણસો ઉત્તમ પુરુષો સાથે એ ભગવાનની દીક્ષા થઇ. એ પ્રભુજીએ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું, અને મહાન તીર્થ શ્રી સમેતશિખરજી ઉપર શિવપદ પ્રાપ્ત કર્યું. પ્રભુશ્રીનો પરિવાર ચાલીશ હજાર મુનિઓનો, અને પંચાવન હજાર સાધ્વીજીઓનો હતો. કુબેર યક્ષ ને વૈરૂટ્યા દેવી શાસનમાં રહેલા સઉને સહાય કરતા. અમદાવાદ પાસે ભોયણીજી તીર્થમાં આ પ્રભુનું મોટું જિનાલય છે.

### શબ્દાર્થ.

ઘન મેઘ=કાળાં વાદળાં
પ્રાય:=મોટે ભાગે.
નીલ=લીલો.

---

## પાઠ ૨૦.

# શ્રી મુનિસુવ્રતસ્વામી.

દુહો.

**મુનિસુવ્રત સ્વામી નમું, ભવોદધિ તરવા જહાજ;**
**મોહ નિદ્રાને ટાળવા, સેવે દેવ સમાજ. (૨૦)**

શ્રી મલ્લિનાથ ભગવાનનાં શાસન પછી ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું શાસન ચોપન લાખ વર્ષે આવ્યું. પદ્માવતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણી તથા મહાભાગ્યવાન સુમિત્ર રાજાના રાજગૃહી નગરમાં શ્રી મુનિસુવ્રત પ્રભુનો જન્મ થયો. પ્રભુને લંછન કાચબાનું હતું, ને વીશ ધનુષ્યની કાયા હતી. ત્રીશ હજાર વર્ષનું એ પ્રભુજી ઉજ્જવળ જીવન જીવ્યા. એક હજાર મનુષ્યો સાથે પ્રભુજીએ સંયમ અંગીકાર કર્યું. શ્રી સમેતશિખર પર પ્રભુ મોક્ષે ગયા. ત્રીશ હજાર મુનિપુંગવો, અને પચાશ હજાર આર્યાઓથી પ્રભુનું શાસન ઝળકતું હતું. વરૂણ યક્ષ ને નરદત્તા દેવી ચતુર્વિધ શ્રી સંઘને સહાય કરતા હતા. આ પ્રભુજીનાં તીર્થો ભરુચ, અગાશી ( મુંબઇ પાસે ) વિગેરે સ્થળોમાં છે.

### શબ્દાર્થ.

ભવોદધિ=જન્મ મરણનાં દુઃખો રૂપી મહાસમુદ્ર.
ઉજ્જવળ=ઊંચું, સુંદર, શોભતું.
મુનિપુંગવો= મહામુનિઓ.

---

## પાઠ ૨૧.

# શ્રી નમિનાથ પ્રભુ.

દુહો.

**નમિનાથ ! આપો મને, શ્રેષ્ઠ મુક્તિનું ધામ;**
**દીન દાસ અમ તારવા, સબળ પ્રભુ ! તુજ નામ. (૨૧)**

શ્રી મુનિસુવ્રતસ્વામીનાં થયા પછી, છ લાખ વર્ષે શ્રી નમિનાથ જિનેશ્વરનું શાસન આવ્યું. મિથિલા નગરીના રાજા વિજયસેનના પુત્રપણે શ્રી નમિનાથ પ્રભુ અવતર્યા. પ્રભુજીની માતાનું નામ વપ્રા હતું. પ્રભુનું લંછન નીલ કમલનું હતું. પંદર ધનુષ્યનું શરીર તેઓનું હતું. એક હજાર પુરુષો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે પ્રભુશ્રીની દીક્ષા થઇ, તથા એ પ્રભુનું સંપૂર્ણ આયુષ્ય દશ હજાર વર્ષનું હતું. શ્રી સમેતશિખર ગિરિરાજ ઉપર એ ભગવાન મુક્તિએ ગયા. વીશ હજાર મુનિવરો, તથા એકતાળીશ હજાર સાધ્વીજી મહારાજો એ પ્રભુના શાસનની શોભા સમાન હતા. ભૃકૂટી યક્ષે અને ગાંધારી દેવીએ પ્રભુના ચતુર્વિધ સંઘના વિઘ્નો નિવારી સંઘનું રક્ષણ કર્યું હતું.

### શબ્દાર્થ.

શ્રેષ્ઠ=ઉત્તમ.
સબળ=શક્તિમાન.
વિઘ્નો=સંકટો, દુઃખો.

---

## પાઠ ૨૨.

# ભગવાન શ્રી નેમનાથ.

દુહો.

**નેમિનાથ પરમેશ્વરા, બ્રહ્મચારી ભગવાન;**
**યદુવંશ નભ ચંદ્રમા, ગુણ અનંત નિધાન. (૨૨)**

શ્રી નમિનાથ પ્રભુ થયા પછી પાંચ લાખ વર્ષે ભગવાન શ્રી નેમનાથસ્વામીનું શાસન પ્રવર્ત્યું. રાજા સમુદ્રવિજય અને શિવાદેવીના એ શ્રી નેમનાથજી પુત્ર થતા હતા. શૌરીપુરમાં એ દેવાધિદેવનો જન્મ થયો હતો. તેમનું બીજું નામ શ્રી અરિષ્ટનેમિ પણ હતું. એ પ્રભુના શરીરનું પ્રમાણ દશ ધનુષ્યનું હતું, તથા પ્રભુનું લંછન શંખનું હતું. એ પ્રભુની કાંતિ શ્યામ હતી, છતાં અત્યંત દેદીપ્યમાન હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસ એ પ્રભુ દ્વારિકામાં ફરતા ફરતા શ્રી કૃષ્ણની આયુધશાળામાં જઇ પહોંચ્યા, ને કૃષ્ણજીનો શંખ પૂર્યો. કૃષ્ણ ભયથી ત્યાં આવ્યા. એના બળની પરીક્ષા કરી, તેમાં પ્રભુજી જીત્યા; એટલે કૃષ્ણજીને શંકા થઈ, કે આ નેમનાથજી મારું રાજ્ય લઇ લેશે. તે સમયે આકાશવાણી થઈ, કે "એ ભગવાન તો પરણ્યા વિના જ કુમારપણે દીક્ષા લેવાના છે, માટે ચિંતા કરશો નહિં." પછી એક દિવસ કૃષ્ણજી અને ગોપીઓ જળ-ક્રીડા કરવા માટે પ્રભુજીને લઇ ગયા. ત્યાં ભગવાનને જેમ તેમ કરી પરણવા માટે મનાવ્યા. રાજા ઉગ્રસેનની પુત્રી શ્રીમતી રાજીમતિજી સાથે પરણાવવાનું નક્કી કર્યું. વરઘોડો નીકળ્યો. પશુઓનો પોકાર સાંભળી ભગવાને રથ પાછો ફેરવવા સારથીને હુકમ કર્યો. રથ પાછો ફરવાથી રાજીમતિજીએ બહુ વિલાપ કર્યો.

વરસીદાન આપી એક હજાર પુરુષો સાથે ભગવાને દીક્ષા લીધી. રાજીમતિજીએ નવ ભવનો પ્રભુ સાથેનો સંબંધ જાણી દીક્ષા લીધી. ભગવંતે એક હજાર વર્ષનું આયુષ્ય પાળી, શ્રી **ગિરનાર તીર્થ** ઉપર મોક્ષ મેળવ્યું. ભગવાનના પરિવારમાં અઢાર હજાર સાધુ મુનિરાજો, ને ચાલીશ હજાર સાધ્વીજી હતા. અંબિકા દેવી અને ગોમેધ યક્ષ એ પ્રભુના શાસન રખેવાળ હતા. શ્રી ગિરનાર, કુંભારીઆજી, આબૂ વિગેરે તીર્થોમાં આ પ્રભુજી મોટા જિન મંદિરોમાં શણગારરૂપ છે.

## શબ્દાર્થ.

**બ્રહ્મચારી**=પરણ્યા વિનાના.
**યદુવંશ નભ ચંદ્રમા**=યાદવ વંશરૂપી ગગનમાં ચદ્રમા જેવા.
**દેદીપ્યમાન**=શોભતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૨૩.

# મહાન પ્રભાવિક શ્રી પાર્શ્વનાથસ્વામી.

દુહો

**પુરિસાદાની પાર્શ્વનાથ, મુજ મન અંતરજામી;**
**નામમંત્રે સંકટ ટળે, પરમ પ્રભાવિક નામી. (૨૩)**

નેમિનાથ ભગવાનની પછી ૮૩ હજાર ને સાડીસાતસો વર્ષે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું શાસન આવ્યું. વાણારસી (બનારસ) નગરીમાં અશ્વસેન નામે રાજા, ને તેમની વામા નામે રાણી હતી. તેમને ત્યાં શ્રી પાર્શ્વનાથસ્વામીજી રાજકુમાર તરીકે અવતર્યા. એ પ્રભુને સર્પનું લંછન હતું. લીલા રંગની કાયાવાળી તેજસ્વી કાંતિથી પ્રભુ દીપતા હતા.

એક વખત કમઠ નામના યોગીના આશ્રમે લોકો ભેગા થતાં જોઈ, શ્રી પાર્શ્વકુમાર ઘોડા ઉપર બેસી ત્યાં ગયા. પોતાના દિવ્ય અવધિ જ્ઞાનથી ત્યાંના યજ્ઞમાં એક બળતા સાપને જોયો. દયાળુ ભગવાને તે સાપને બહાર કઢાવી મહાપ્રભાવિક શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો. તે સાંભળીને તે મહામંત્રના પ્રભાવથી સર્પ મરીને ધરણેન્દ્ર નામનો ઈંદ્ર થયો. કમઠ તાપસને આથી ભગવાન ઉપર ક્રોધ થયો. તાપસ પણ મરીને મેઘમાળી નામે દેવ થયો. પોતાનું વેર યાદ આવતાં, તેણે ભગવાન ઉપર પુષ્કળ વરસાદ વરસાવ્યો. તેથી ભગવાન નાક સુધી પાણીમાં ડુબવા લાગ્યા, આથી ધરણેંદ્રે ને પદ્માવતી નામની પોતાની ઇંદ્રાણીએ નાગનું રૂપ લઇ ફણાથી પ્રભુશ્રીનું રક્ષણ કર્યું, ને પોતાના મસ્તક ઉપર પ્રભુજીને સ્થાપ્યા. ધરણેંદ્ર અને મેઘમાળી એ બન્ને પર ભગવાને સમભાવ રાખ્યો. અહો ! આવા ઉપસર્ગ કરનારનું પણ બુરૂં નહિં ચિંતવનાર પ્રભુની કેટલી સમતા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રભુએ ત્રણુસો પુરુષો સાથે દીક્ષા લીધી હતી. ભગવાનનું એકસો વર્ષનું આયુષ્ય હતું. શ્રી સમેતશિખર તીર્થ ઉપર પ્રભુજી મોક્ષે ગયા. ધરણેન્દ્ર અને પદ્માવતી પ્રભુ શાસનના સંરક્ષક હતા. આ બે દેવ દેવીઓ અત્યારે પણ ભક્તવર્ગને સહાય કરે છે.

**તીર્થો:** મહાપ્રભાવિક **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાનનાં (રાધનપુર પાસે) દર્શન કોણે નહિં કર્યા હોય ? ભીલડીયાજી પાર્શ્વનાથ સ્વામી, શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુ, શ્રી અંતરીક્ષ પાર્શ્વ જિનેશ્વર, શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન (મુંબઇ), શ્રી અમીઝરા પાર્શ્વનાથ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથસ્વામી, શ્રી મનમોહન પાર્શ્વનાથ, શ્રી લોઢણ પાર્શ્વનાથ (ડભોઇ), શ્રી લોદ્રવા પાર્શ્વનાથ પ્રભુ (જેસલમેર પાસે), શ્રી ભટેવા પાર્શ્વનાથ, શામળીયા પાર્શ્વનાથ, સહસ્રફણા પાર્શ્વજિન, શ્રી સુરજમંડન પાર્શ્વનાથ (સુરત), શ્રી સ્થંભન પાર્શ્વનાથજી (ખંભાત), શ્રી પંચાસરા પાર્શ્વનાથ (પાટણ), શ્રી ભીડભંજન પાર્શ્વનાથ, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી, શ્રી કલ્યાણ પાર્શ્વનાથસ્વામી વિગેરે ઘણા વિખ્યાત તીર્થોમાં આ પુરિસાદાનીય શ્રી પાર્શ્વનાથસ્વામીજી મૂળનાયક તરીકે વિશાળ જિનમંદિરોમાં બિરાજમાન છે, ને બહુ જ દર્શનીય અને યાત્રા કરવા લાયક છે. આ પ્રભુજીના ૧૦૮ કે ૧૦૦૮ પણ આવા નામો છે.

શ્રી સમેતશિખર તીર્થ આજે આ પ્રભુજીના નામથી જ એટલે કે Pārasnāth Hill પારસનાથ હીલના નામે જ ઓળખાય છે.

## શબ્દાર્થ.

પુરિસાદાનીય=મહા પ્રભાવવાળા.
અંતરજામી=હૃદયમાં વસનારા.
દિવ્ય=ચમત્કારિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાઠ ૨૪.

# શ્રી મહાવીરસ્વામીજી.

મહાવીર જિન ચોવીશમા, વીર શિરોમણિ નાથ;
શાસન જસ સોહામણું, પામી લહું શિવ સાથ. (૨૪)

એમ સ્તવતાં ચોવીશ જિન, મંગળ લીલ પમાય;
લબ્ધિસૂરીશ પસાયથી, જિતેન્દ્ર વિજય વરદાય. (૨૫)

શ્રી પુરિસાદાનીય પાર્શ્વપ્રભુની પછી ભગવાન શ્રી મહાવીરસ્વામી અઢીસો વર્ષના અંતરે થયા. તેમનો જન્મ ક્ષત્રિયકુંડ નગરમાં થયો. પ્રભુશ્રીના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા હતું, ને માતાનું નામ ત્રિશલાદેવી હતું. એ પ્રભુજીને લંછન સિંહનું હતું. સાત હાથ પ્રમાણ તેમનું શરીર હતું, ને આયુષ્ય બોંતેર વર્ષનું હતું. બીજા ત્રેવીશે પ્રભુજીએ ઘણા પુરુષો સાથે દીક્ષા લીધી હતી, પરંતુ આ પ્રભુજીની દીક્ષા તો એકાકી જ થઇ હતી. એ પ્રભુજીએ ઘણાં ઉપસર્ગો સમતાપૂર્વક સહન કર્યા હતા. તેમનો સાધુઓનો પરિવાર ૧૪ હજારનો ને સાધ્વીજીનો છત્રીશ હજારનો હતો. તે પ્રભુ પાવાપુરી તીર્થમાં આસો વદ અમાસે મુક્તિ પામ્યા, ત્યારે ત્યાં દેવોએ તથા રાજાઓએ ઘણા દીવાઓ પ્રગટાવી **દીવાળી** પર્વ ઉજવ્યું. ત્યારથી દિવાળીની શરૂઆત થઇ, તે પ્રભુના મુખ્ય શિષ્યનું નામ શ્રી ગૌતમસ્વામીજી હતું. તેમનો વિનય અદ્ભૂત હતો. હાલ શ્રી વીર ભગવંતનું શાસન ચાલી રહ્યું છે. એ પ્રભુને મોક્ષે ગયાને લગભગ પચીશ સો વર્ષ વીતી ગયા, અને હજી પણ સાડાઅઢાર હજાર વર્ષ સુધી એ પ્રભુનું શાસન ચાલુ રહેવાનું છે. માતંગ યક્ષ અને સિદ્ધાયિકા દેવી એ પ્રભુના શાસન રખેવાલ છે. પ્રભુનાં તીર્થો—પાવાપુરી, સાચોર (સચ્ચઉરીમંડન), ક્ષત્રિય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંડ, (સિરોહી પાસે) **નાંદીયા**, દીયાણા, મુછાળા મહાવીર, રાતા મહાવીર, બામણવાડા (મારવાડ) વિગેરે સ્થળોમાં છે.

શ્રી નાંદીયાજી તીર્થ પ્રભુના ભાઈ નંદીવર્ધનના નામથી વસ્યું લાગે છે, ને ત્યાં શ્રી નંદીવર્ધને જીવિતસ્વામીની આખા હિંદુસ્તાનમાં અજોડ એવી મહાન પ્રતિમાજી એ પ્રભુના ભરાવેલા છે. સાક્ષાત્ પ્રભુ ઉપદેશ દેતા હોય તેવી મૂર્તિ છે. દર્શન કરવાની સઉને ભલામણ છે.

## શબ્દાર્થ.

શિરોમણિ=સઉથી ચડીયાતા.
એકાકી=એકલા.
ઉપસર્ગો=સંકટો.

---


## જૈન શકુનાવલી.

શકુનશાસ્ત્ર કેવું છે, તેનો આછો ખ્યાલ પ્રયોજકે આ પુસ્તિકામાં આપ્યો છે. સુખ-દુ:ખમાં તમારા સાથીદાર તરીકે, તમારા સલાહકાર તરીકે, અને એક માર્ગદર્શક તરીકે આ શકુનાવલી જરૂર તમારા ઘરમાં રાખવા જેવી છે. કિંમત છ આના.

## બાળકોને મનગમતી.

બાળજીવન ગ્રંથાવળીની ટૂંકી ત્રણ વાર્તાઓ, અને કર્મના ફળ નામની પુસ્તિકામાં સારા વિચારોને પેદા કરાવતી, પાપ ભીરૂતાને પોષતી, તત્ત્વની પિપાસાને ઉત્પન્ન કરતી, રમુજ આપતી અને સાથે સાથે સ્વધર્મના ગૌરવનો વારસો આપતી અગ્યાર કથાઓ આજેજ મંગાવો. ટૂંકી ત્રણ વાર્તા. કિંમત પાંચ આના.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંગીતનો રસ લૂંટો

## તાજેતરના અમારા અપૂર્વ પ્રકાશનો

### પુષ્પ : ૬ – પુષ્પ : ૧૩ – પુષ્પ : ૧૭

## પ્રાચીન સ્તવનાવલી પુષ્પ : ૧૩ :

પૂર્વ મહર્ષિઓના હૃદયમાંથી ઝરેલાં અપૂર્વ
ભક્તિ ઝરણાં જેમાંથી તમને મળશે. કિંમત રૂા ૧–૮–૦

---

### શ્રી ગિરનાર તીર્થ વિભૂષણ

## શ્રી નેમિ જિનેશ્વર પંચકલ્યાણક પૂજા

આ અર્વાચીન પૂજા હોવા છતાં વીતરાગ દેવ સમક્ષ તેમાં સાચો એકરાર કરવામાં આવ્યો હોવાથી, ને હાર્દની સમસ્યાઓને શબ્દદેહ આપવાથી તેમાં હૃદયસ્પર્શી સંવેદના ગુંજી રહી હોવાથી એક વાર દેરાસરમાં જરૂર ભણાવી જવા ભલામણ છે. પુષ્પ ૬ અને પુષ્પ ૧૩ ભેગાં પ્રગટ થશે.

---

વિશ્વવંદ્ય ત્રિભુવનસેવ્ય સુરાસુરપૂજિત અપ્રતિમપ્રતાપી યંત્ર તંત્ર મંત્રશિરોમણિ મહાપ્રભાવિક શ્રી સિદ્ધચક્રમહાત્મ્યસ્વરૂપ દેવગુરૂ ધર્મમય

## શ્રી નવપદજીની મહાપૂજા

જૂની દેશીઓના જ રાગોમાં વણાયેલી છતાં આ અર્વાચીન ભક્તિ સાધનને એક વાર હાથમાં લઈ ગાઈ જવા ને જોઈ જવા ભલામણ છે. રાગો સઉને બેસતા આવે તેવા, ભાવ પણ અતિ ગહન નહિં, અને નવે ય પદની સુલભ પીછાણ કરાવી સંગીત સાથે તલ્લીન બનાવતી આ પૂજા સઉને સમજાય તેવી છે. દરેક પૂજામાં નવ નવ ગાથા એ આ નવપદ પૂજાની વિશિષ્ટતા છે. તમારા દેરાસરમાં એક વાર ભણાવી અનુભવ કરો. રાહ જુઓ. ટૂંક સમયમાં પ્રગટ થનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારાં પ્રકાશનો

| પુષ્પ | | રૂ.આ.પા. |
|---|---|---|
| ૧: | શ્રી જૈન વિદ્યાર્થી ગ્રન્થમાળા : પ્રથમ શ્રેણી : પાકું બાઈન્ડીંગ : જૂજ નકલ જ બાકી છે. | ૩-૦-૦ |
| ૨: | નૂતન સજ્ઝાય સંગ્રહ : ૭૬ સજ્ઝાયોનો સંગ્રહ. | ૦-૯-૦ |
| ૩: | શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિ અવચૂરિપરિષ્કાર સહિત : ૭ પાદ છપાયા છે. ટુંકી ત્રણ વાર્તાના પુંઠા ઉપરની સૂચના વાંચવા ભલામણ છે. સાત અધ્યાયના ગ્રાહક થવા માટે સાડા સત્તર રૂપીયા : ૭ પાદ બહાર પડી ચૂકયા છે. ૭ પાદનાં ૪-૨-૦ | ૧૭-૮-૦ |
| ૪: | નૂતન ગહૂંલી સંગ્રહ : સીલકમાં નથી. | |
| ૫: | શ્રી જૈન વિદ્યાર્થી ગ્રન્થમાળા : બીજી શ્રેણી દશમાંથી સાત પુસ્તિકા બહાર પડી ચૂકી છે. પ્રથમથી ગ્રાહક થનાર માટે અઢી રૂપીઆ. હૃદયનાં તાર, મંત્રીશ્વર કલ્પક, જૈન શકુનાવલી છુટક મળશે. | ૨-૮-૦ |
| ૬: | શ્રી નેમિ જિનેશ્વર પંચકલ્યાણક પૂજા : ટુંક સમયમાં મળશે. | |
| ૭: | શ્રી બાળજીવન ગ્રન્થાવળી : પ્રથમ શ્રેણી : પ્રથમથી ગ્રાહક થનાર માટે જ લગભગ ૩૫૦ પેજનાં દળદાર ઉપયોગી પ્રકાશનના માત્ર અઢી રૂપીઆ. વીશમાંથી ચાર પુસ્તિકાઓ પ્રગટ થઈ ચૂકી છે. | ૨-૮-૦ |
| ૮: | શ્રી ચૈત્યવંદન સ્તુતિ ચતુર્વિંશતિકા : | ૦-૯-૦ |
| ૯: | જૈન સમાજનો અભ્યુદય : (પ્રેસમાં) | |
| ૧૦: | સ્તવનાવલી : (નાની) | ૦-૨-૦ |
| ૧૧: | વિધિસમયદર્પણ : સં. ૨૦૦૪ના ફાગણ સુધીનું પંચાંગ. | ૦-૬-૦ |
| ૧૨: | સકલાર્હત્સ્તોત્ર : સટીક સંસ્કૃત. | ૦-૬-૦ |
| ૧૩: | પ્રાચીન સ્તવનાવલી : પૂર્વ મહર્ષિઓના લગભગ બસો સ્તવનો : પોકેટ સાઈઝ : પાકું બાઇન્ડીંગ. | ૧-૮-૦ |
| ૧૪: | પ્રાચીન ગહૂંલી સંગ્રહ : (પ્રેસમાં) | |
| ૧૫: | શ્રી અમર જૈન વાંચનમાળા : કિરણ (૧) વિશ્વવિભૂતિઓ. કિરણ (૨) પ્રશ્નોત્તર વાટિકા (પ્રેસમાં) | |
| ૧૬: | અપરાજિત કથાનકમ્. વ્યાખ્યાન યોગ્ય પ્રત. | ૦-૬-૦ |
| ૧૭: | શ્રી નવપદજીની મહાપૂજા : નં. ૬ ની સાથે પ્રગટ થશે. (પ્રેસમાં) | |
| ૧૮: | પ્રાચીન સજ્ઝાય સંગ્રહ : (પ્રેસમાં) | |
| ૧૯: | પં. શ્રી વીરવિજયજી મહારાજ કૃત સ્નાત્ર : (પ્રેસમાં) | |
| ૨૦: | બાર વ્રતની સમજણ. (પ્રેસમાં) | |
| ૨૧: | શ્રી જયગિરા કિરણાવલી, સચિત્ર (પ્રેસમાં) | |

સૂચિ મંગાવો : નવા પ્રકાશનો માટે "કલ્યાણ" માં જાહેરાતની રાહ જુઓ.
પત્રવ્યવહાર કરનારે જવાબી ટીકીટ બીડવી. મંગાવો.

શા. ઉમેદચંદ રાયચંદ
વ્યવસ્થાપક : શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાળા.
મુ. ગારીયાધાર. (વાયા દામનગર-કાઠિયાવાડ.)

For Private And Personal Use Only